મહત્તમ : ૩૩.૮ ડીગ્રી
લઘુતમ : ૨૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૬૧ ટકા
ગાંધીનગર તાપમાન

# શહેરની સોસાયટીઓમાં નવરાત્રીની તૈયારીઓ શરૂ

શહેરની સોસાયટીઓમાં યોજાતી નવરાત્રીમાં બાળકો દ્વારા બનાવવામાં આવતા ગબ્બરનું અનેરું આકર્ષણ

## નવ દિવસ કરવામાં આવતી આરતીના બુકિંગ સાથે નાસ્તો અને લ્હાણીના મુદ્દા બાબતેની મીટીંગ સોસાયટીમાં શરૂ

ગાંધીનગર, તા.૨૪

શહેરમાં ખેલૈયાઓ દ્વારા નવરાત્રીની તૈયારી શરૂ થઈ ગઈ છે. સાથે સાથે શહેરની સોસાયટીઓમાં પણ નવરાત્રીનો માહોલ જોવા મળી રહ્યો છે.

શહેરમાં નવરાત્રીની જોર શોરથી તૈયારીઓ કરવામાં આવી રહી છે. શહેરીજનો ગરબે ઘૂમવા ઉત્સાહિત જણાઈ રહ્યા છે ત્યારે શહેરની સોસાયટીઓમાં પણ નવરાત્રીનો માહોલ અત્યારથી જ જોવા મળી રહ્યો છે. સોસાયટીની રાત્રે મિટીંગમાં નવરાત્રી વિશે તૈયારીઓની ચર્ચા થઈ રહી છે. નાનાથી લઈ મોટા દરેક નવરાત્રીને લઈને ઉત્સાહિત છે. સોસાયટીમાં નવરાત્રી ખર્ચની ઘરે ઘરે ઉઘરાણી કરવામાં આવી રહી છે.

શહેરની સોસાયટીઓમાં લાઈટોના ઝળહળાટ સાથે મંડપ ડેકોરેશન કરવાની પણ શરૂઆત થઈ ચુકી છે. અત્યારથી જ નવરાત્રીનો માહોલ રાત્રે સોસાયટીમાં જોવા મળે છે. પરિવાર સથે ઘર-પરિવાર નવરાત્રીની મીટીંગમાં રોજ જોડાય છે. બ્લોકવાઈઝ અને ઘર મુજબ નવે-નવ દિવસ આરતી કરવાના નામ લખાઈ રહ્યા છે. આ ઉપરાંત નવરાત્રીમાં દરરોજ થતા ગરબા બાદના નાસ્તા અંગેની ચર્ચાઓ પણ ચાલી રહી છે. સોસાયટીની સાફ સફાઈ દરરોજ બે વખત થઈ રહી છે. ઘણી સોસાયટીઓમાં ગરબા સાથે આરતી સુશોભન સ્પર્ધા, ગરબા સ્પર્ધા, ફેન્સી ડ્રેસ જેવી સ્પર્ધાનું આયોજન થતું હોય છે તે અંગે પણ દિવસ મુજબ સ્પર્ધાઓ નક્કી કરવામાં આવી રહી છે. સોસાયટીના ફંડમાંથી આપવામાં આવતી લ્હાણી અંગેની ચર્ચા હાલ ટોપમાં છે. આમ, પારિવારીક માહોલમાં સોસાયટીમાં ગરબે ઘૂમવા શહેરીજનો નવરાત્રીની તૈયારી કરવાની સાથે ઉત્સાહિત જણાઈ રહ્યા છે.

# લ્યો બોલો...!! સે-૧૯ જીમખાનાના શાવરરૂમનાં બધા જ શાવર એક સાથે કાઢી નંખાયા...!!

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના સેકટર-૧૯ ખાતેના જીમખાનામાં સ્વિમીંગ પુલના શાવરરૂમમાંથી શાવર બાથ માટેના ફુવારા જ કાઢી નાંખવામાં આવતા ઉહાપોહ મચ્યો છે. અગાઉ સ્વચ્છતા જાળવણી બાબતે ફરિયાદોનો ભોગ બનેલું જીમખાના હવે શાવર કાઢી નાંખવાને કારણે સભ્યના રોષનો ભોગ બની રહ્યું છે.

સેકટર-૧૯ના જીમખાના ખાતે શાવર રૂમમાં ગંદકીની વારંવાર ફરિયાદો ઉઠતી હતી અને તેના નિરાકરણ માટે વ્યવસ્થાપકોને એક વધુ સફાઈ કર્મચારીની નિમણૂંક કરવાની

માંગ પણ સભ્યો દ્વારા કરવામાં આવી હતી. જો કે જીમખાનાના વહીવટદારો દ્વારા આ પ્રશ્નનો તો ઉકેલ લાવવામાં આવ્યો નથી અને હવે મહિલા પુરુષ બંને માટેના બધા જ શાવરરૂમના શાવર કાઢી લેવાને પગલે સભ્યોમાં અસંતોષની લાગણી પ્રવર્તવા પામી છે. બધા શાવરરૂમના શાવર કાઢી લેવાને કારણે પુરૂષ મહિલા તમામ સભ્યોને ખુલ્લામાં શાવર લેવાની ફરજ પડી રહી છે. જેના કારણે સભ્યો શરમ અનુભવી રહ્યા છે. આમ અચાનક વૈકલ્પિક વ્યવસ્થા સિવાય તમામ શાવર એક સાથે કાઢી લેવાની વહીવટદારોની હરકતને વખોડી સભ્યો દ્વારા આ પ્રશ્નનો તાત્કાલિક ઉકેલ લાવવામાં આવે તેવી માંગણી કરવામાં આવી રહી છે.

ગાંધીનગર જિલ્લા રેડક્રોસ સોસાયટી દ્વારા શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી ખાતે વિદ્યાર્થીઓના થેલેસેમિયા ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૨૭ વિદ્યાર્થીઓના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઈન્ડિયન રેડક્રોસના રાજય એકમના ડૉ. વાળંદ તથા તેમની ટીમે સેવાઓ આપી હતી. આ પ્રસંગે જિલ્લા શાખાના જીલુભા ધાંધલ, અશ્વિન દવે, એમ.એમ. સોલંકી તથા નિલેશભાઈએ પણ સેવાઓ આપી થેલેસેમિયા જાગૃતિ અંગેની પત્રિકાઓનું વિતરણ કર્યું હતું.

# રાયપુર પેટ્રોલપંપના મેનેજર પર ત્રણ શખ્સોનો હુમલો

ગાંધીનગર નરોડા-દહેગામ હાઈ-વે પર રાયપુર સ્થિત પેટ્રોલ પંપ ખાતે મારામારીની ઘટના પ્રકાશમાં આવી છે. વિરાતલાવડી ગામનો યુવક વિજય વિનોદજી ઠાકોર પેટ્રોલપંપમાં મેનેજર તરીકે નોકરી કરે છે.રાત્રીના દશ વાગ્યાના અરસામાં બાઈક પર અમદાવાદના એનાસણ ગામના બળદેવજી, રાયપુર ગામના નરેશજી રમણજી તેમજ દહેગામના જાક ગામનો ભરત ત્રિભુવનદાસ પ્રજાપતિ ત્યાં આવ્યા હતા. ત્રણેય શખ્સોએ મેનેજર યુવક પર કંઈ કહ્યા વગર હુમલો કરીને ધોકા અને ગડદા પાટુનો મારમાર્યો હતો. આ સમયે પેટ્રોલ પંપ કામ કરતા સુનિલ પરમાર, મનુજી ડાભી, કિરણ ઠાકોર, છોડાવવા વચ્ચે પડતા ત્રણેય શખ્સોએ તેમને પણ મારમાર્યો હતો. ત્યારબાદ આરોપીઓ મારી નાંખવાની ધમકી આપી જતા રહ્યા હતા. મારમારીમાં મેનેજર વિજયના ગળામાંથી સોનાનો દોરો તેમજ કિરણના ખિસ્સામાંથી રૂ.૨૫ હજાર રોકડા પડી ગયા હતા. બનાવને પગલે વિજયના ભાઈ રાજેશકુમાર ઠાકોરે ડભોડા પોલીસ મથકે પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

શહેરના સેકટર-૨ સી ખાતે આવેલી ચાણક્ય કીડ્સ પ્રિ-સ્કુલના બાળકો માટે એજ્યુકેશન ફિલ્ડ ટ્રીપનું આયોજન કર્યું હતું. જેમાં નાના ભુલકાઓને સેકટર-૧૬ સ્થિત મહિલા પોલીસ મથકની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. જયાં પોલીસ આપણા મિત્ર, પોલીસનો કયારે સંપર્ક કરવો, પોલીસ આપને કયારે મદદરૂપ થાય તે બાળકોને સમજાવવામાં આવ્યું હતું. જયારે નાના ભુલકાઓએ પોલીસ મથકની મુલાકાત લેતા પીએસઆઈ શેફાલી બેન તેમજ અન્ય કર્મચારી બહેનોએ આનંદની લાગણી વ્યકત કરી હતી.

# શહેરમાં ૨૦ દિવસમાં ડેન્ગ્યુના ૧૫૦ કેસ

ગાંધીનગર,તા.૨૪

ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુએ તરખાટ મચાવ્યો છે. શહેરની ખાનગી અને સરકારી હોસ્પિટલમાં ડેન્ગ્યુના દર્દીઓ જોવા મળી રહ્યા છે. ડેન્ગ્યુના કેસ વધતા આરોગ્ય તંત્ર પણ હરકતમાં આવી ગયું છે. તેમ છતા ગાંધીનગર સિવિલમાં છેલ્લા ૨૦ દિવસમાં ડેન્ગ્યુના ૧૫૦ કેસ જોવા મળ્યા છે. ત્યારે ગાંધીનગરમાં રોજના ૭ થી પણ વધુ નાગરીકો ડેન્ગ્યુના શિકાર બની રહ્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ હાલ ગાંધીનગરમાં બિન આરોગ્યપ્રદ સિઝન ચાલી રહી છે. આ સિઝનને પગલે ઘરે ઘરે બિમારીના ખાટલા જોવા મળી રહ્યા છે. તેમાં ખાસ કરીને વાઈરલ અને વાહકજન્ય બિમારીના કેસ વધુ જોવા મળી રહ્યા છે. સિવિલની ઓપીડી દર્દીઓથી ઉભરાતી જોવા મળી રહી છે. તો બીજીતરફ મોડીરાત સુધી ખાનગી ક્લીનીકમાં પણ દર્દીઓની લાંબી કતારો જોવા મળી રહી છે. ઘરે ઘરે બિમારીના ખાટલા જોવા મળી રહ્યા છે. જયારે ખાનગી હોસ્પિટલમાં પણ સ્પેશીયલ રૂમમાં ડેન્ગ્યુના દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. શહેરમાં મેલેરીયા, ટાઈફોઈડ, કમળાના રોગ કરતા પણ આ રૂતુમાં ડેન્ગ્યુના કેસ વધુ નોંધાઈ રહ્યા છે. ગાંધીનગર સિવિલ હોસિપટલમાં છેલ્લા ૨૦ દિવસમાં ડેન્ગ્યુના ૧૫૦ કેસ નોંધાતા આરોગ્ય તંત્ર પણ દોડતુ થઈ ગયું છે. તંત્ર એ પણ ફોગીંગ અને સર્વેલન્સની કામગીરી હાથ ધરી દેવામાં આવી છે. ડેન્ગ્યુના વધતા જતા કેસને પગલે નાગરીકોએ પણ સાવચેત રહેવાની જરુર છે ઘર કે ઓફિસની આસપાસ પાણી ભરાય નહી તેની ખાસ નોંધ લેવી તેમજ આખી બાયના કપડા પહેરવા પણ તબીબોએ સુચના આપી છે.

# સે-૩-ન્યુમાં શિવશકિત મંદિરે શ્રી રામચિરત માનસકથા

ગાંધીનગર, તા.૨૪

ગાંધનગરના સેકટર-૩-ન્યુ ખાતેના શિવશકિતમંદિરે શ્રી ારમચિરત માનસખતાનું આયોજન કરાયું છે. જેમાં છોટે મોરારી બાપુ ગોપાલદાસ બાપુની વ્યાસપીઠે તથા પ્રસ્તુત થઈ રહી છે. આ ધાર્મિક કથાનો સેકટર-૩-ન્યુ સહિત આસપાસના વિસ્તારના ધર્મપ્રેમી શ્રધ્ધાળુઓ મોટી સંખ્યમાં લ્હાવો લઈરહ્યા છે.

સેકટર-૩ ન્યુ ખાતે ગત તા. ૧૮મી સપ્ટેમ્બરથી શ્રી રામચરિત માનસ કથા ચાલી રહી છે. જેનું સમાપન તા. ૨૬મી સપટેમ્બરે યોજાશે. દરરોજ બપોરે ૩ થી ૬ વાગ્યા દરમિયન યોજાતી આ કથાનું આયોજન સેકટર-૩-ન્યુના હેવાસી ગાંડાલાલ જી. પટેલ દ્વારા કરવામાં આવ્યું છે. આ કથાનું શ્રવણ કરવા સેકટર-૩ ન્યુ વસાહત મંડળના પ્રમુખ જયેશભાઈ આગજા સહિત કારોબારી સબ્યોએ જાહેર આમંત્રણ પાઠવ્યું છે.

# એકતા ચોક સે-૮માં ઉત્સવ સમિતિના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા.૨૪

એકતા ચોક ઉત્સવ સમિતિ સે-૮ની સામાન્ય સભામાં આગામી નવરાત્રી મહોત્સવ તથા અન્ય ઉત્સવો માટે નવા હોદ્દદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે વિરેન્દ્ર ધીરજલાલ જાદવ, મંત્રી તરીકે પ્રણવભાઈ એચ. ઠાકર, ખજાનચી વિનયભાઈ ગઢવી, ઉપપ્રમુખ સુરજભાઈ પરમાર અને દશરથભાઈ એન. દરજી, સંગઠન મંત્રી તરીકે કુમારભાઈ આર. જોષી અને પૃથ્વી વાઘેલા અને સહમંત્રી તરીકે ફિરોઝભાઈ કે. મનસુરી, સંજયભાઈ રાવલ તથા સંદિપભાઈ પીઠડીયાની વરણી કરવામાં આવી હતી. આ ઉપરાંત સલાહકાર સમિતિમાં ફુલચંદભાઈ કે. પરમાર, બાબુભાઈ વી. રોહિત, પુરૂષોત્તમદાસ ડી. સોલંકી, ચીમનભાઈ એચ. મકવાણા, ગં. સ્વ. નર્મદાબેન વાઘેલા તથા અંબીકાબેન પરમારની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

સે-૫ સિનિયર સિટીઝનો દ્વારા રવિવારે પાટડી, રામદેવપીર, બહુચરાજી, મરતોલી, ચેહરમાતા, જાસલપુર, ઉગતી મેલડી માતા જેવા ધાર્મિક સ્થળોની મુલાકાત લેવામાં આવી હતી.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રેરિત સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત ગાંધીનગરના સેકટર-૧૧ સ્થિત હોલ ફોર્ચ્યુન ઈન હવેલીના તમામ કર્મચારીઓ દ્વારા હોટલની આસપાસના વિસ્તારમાં સફાઈ કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. વડાપ્રધાનના સ્વચ્છતા અભિયાનને આગળ ધપાવવાના હેતુથી હોટેલના તમામ કક્ષાના કર્મયાગીઓ આ સફાઈ કાર્યમાં જોડાયા હતા.

# ગુરુ ગ્રંથ સાહેબની પાલખી સાથેની યાત્રા આવતીકાલે બપોરે ગાંધીનગર પધારશે

## ગુરુ નાનકદેવજીના ૫૫૦ પ્રકાશ પુરબની ઉજવણીના ભાગરૂપે આયોજિત ધાર્મિક યાત્રા તેના જન્મસ્થળેથી પ્રસ્થાન થઈ દેશભરમાં ભ્રમણ કરી રહી છે

ગાંધીનગર, તા.૨૪

શીખ ધર્મના પ્રથમ ગુરૂ શ્રી ગુરુનાનકદેવજીની ૫૫૦મી જન્મજયંતિના ઉપક્રમે કેન્દ્ર સરકાર તથા ગુજરાત સરકાર પ્રકાશ ગુરુ પુરબની ઉજવણી કરી રહી છે. આ ઉત્સવના ભાગરૂપે અમૃતસરની શિરોમણી ગુરૂ દ્વારા પ્રબંધક કમિટી દ્વારા ગુજરાત શીખ સંગત અને ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસન નિગમના ડાયરેકટર પરમજીત છાબડાના સહયોગથી ધાર્મિક યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો પ્રારંભ તા. ૧૯મી ઓગષ્ટે ગુરુનાનકદેવના જન્મસ્થળ હાલના પાકિસ્તાનમાં નનકાના સાહિબ ખાતેથી થયો હતો અને આ યાત્રા તા. ૨૬મી સપ્ટેમ્બર ગુરુવારે બપોરે ૧ કલાકે ગાંધીનગર ખાતે પ્રવેશ મેળવશે.

ગુરુનાનકદેવજીના પ્રકાશ પુરબ નિમિત્તે આયોજિત ધાર્મિક યાત્રામાં ગુરુ ગ્રંથ સાહેબની પાલખી સાથે ઐતિહાસિક શાસ્ત્રો અને સામગ્રીની ગાડી પણ જોડાયેલી છે. ગુરુવારે સવારે ૭.૪૫ કલાકે ઓઢવ ગુરુદ્વારાથી નીકળી સોનીની ચાલી ચાર રસ્તા, સીટીએમ, ઈસનપુર, સમ્રાટનગર ગુરુદ્વારા થઈ નારોલ સર્કલથી વિશાલા, એપીએમસી, વેજલપુર, શ્યામલ ચાર રસ્તા, વસ્ત્રાપુર, થલતેજ, ગુરુ ગોવિંદધામ ખાતે ૧૧ કલાકે પહોંચશે જયાંથી ૧૨ વાગે પ્રસ્થાન કરી એસજી હાઈવેથી ગાંધીનગર ખ-૦ સર્કલે ૧ કલાકે પહોંચશે. ખ-૦ થી ઘ-૦, ચ-૦ થઈને ચ રોડ પરથી સેકટર-૩૦ ચ-૭ થઈને જ-૭ એરફોર્સ સર્કલે અડધા કલાકના વિરામ બાદ ચિલોડા થઈ ઉદયપુર તરફ જવા રવાના થશે. જ-૭ સર્કલે શહેરની શીખ, પંજાબી-સિંધી સંગત તેમજ શ્રી ગુરૂનાનક નામ લેવા સંગત દ્વારા યાત્રાનું સ્વાગત કરાશે જેનો લાભ લેવા શહેરની તમામ ધર્મપ્રેમી જનતાને જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

## મુવી હાઉસ

### પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧

● ડ્રીમગર્લ
૧૦.૩૦, ૧.૨૦, ૪.૧૦, ૭.૦૦, ૯.૫૦
● છીછોરે
૯.૪૦, ૧૨.૪૫, ૩.૫૦, ૬.૫૫, ૧૦.૦૦
● ધ ઝોયા ફેકટર
૧.૩૦, ૭.૨૦
● રેમ્બો : લાસ્ટ બ્લડ
૧૨.૧૦, ૮.૫૦
● પલ પલ દિલ કે પાસ
૯.૦૦, ૨.૩૦, ૫.૪૦, ૧૧.૧૦
● પ્રસ્થાનમ્
૧૦.૩૦, ૪.૨૦, ૧૦.૧૫

### આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧

● ડ્રીમગર્લ
૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૫.૧૫, ૮.૦૦
● પ્રસ્થાનમ્
૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૧૫
● ધ ઝોયા ફેકટર
૧.૪૦, ૪.૩૦, ૭.૨૦, ૧૦.૧૦
● પલ પલ દિલ કે પાસ
૯.૪૫, ૧૨.૫૦, ૭.૨૫, ૧૦.૩૦
● છીછોરે
૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
● સાહો
૩.૫૫
● ચાસણી (ગુજરાતી)
૧.૦૦

# ટાઉનહોલ ખાતે 'સંગીત સંધ્યા' સદાબહાર હિન્દી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૪

મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો આયોજીત 'મેરી આવાઝ સુનો' (કરાઓકે-કલબ) દ્વારા ગાંધીનગર તેમજ અમદાવાદ શહેરના ઉગતા કલાકારોને એક સારું સ્ટેજ/પ્લેટફોર્મ પુરું પાડવા માટે 'સંગીત સંધ્યા' (સદાબહાર હિંદી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ) તા. ૨૮ સપ્ટેમ્બર (શનિવાર)ના રોજ રાત્રે ૮.૩૦ કલાકે આંબેડકર હોલ, સે-૧૨ ગાંધીનગર ખાતે યોજાશે. દરેક સંગીતપ્રેમીઓએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સંસ્થા દ્વારા જણાવાયું છે તથા વધુ માહિતી માટે ૯૪૨૭૩ ૧૮૦૭૩ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## આજે ગાંધીનગરમાં

● સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા શ્રાધ્ધ પક્ષમાં પિતૃઓની તૃપ્તિ અર્થે કનુભાઈ દવેના સ્વરે ભારતીબેન પટેલના નિવાસસ્થાન પ્લોટ નં. ૩૮/૧, સે-૨-એ ખાતે 'મનનોજમણવાર' કાર્યક્રમ યોજાશે.

## ચિરવિદાય

● સ્વ. ઠાકોર ભલાજી પુંજાજી, ઉ.વ. ૭૦
● સ્વ. સોલંકી રાણાજી કાળાજી, ઉ.વ. ૭૫
● સ્વ. રાઠોડ વિનોદકુમાર બેચરજી, ઉ.વ. ૪૮
● સ્વ. ભાવસાર મંદાબેન કિલાચંદભાઈ, ઉ.વ. ૬૯
● સ્વ. વાઘેલા રામજીભાઈ મણીલાલ, ઉ.વ. ૭૭